# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, છ-રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

Phone No.(079) 23258980 Web Site : www.gpsc.gujarat.gov.in


ફાઇલ ક્રમાંક: સીસીઇ-૨૦૧૫-૧૧૭૮-૨૮-ઇએક્સ તા.

## :યાદી:

ગુજરાત સરકારના સચિવાલયના વિભાગો , ગુજરાત જાહેર સેવા આયોગની કચેરી, ગુજરાત વિધાનસભા સચિવાલય અને મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીઓમાં નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની જગ્યાઓ પર ભરતી કરવા માટેની જાહેરાત (જા.ક્ર.૫૧/૨૦૧૪-૧૫) આયોગ ધ્વારા તા.૧૨/03/૨૦૧૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. આ જાહેરાત અન્વયે તા.૨૧/0૬/૨૦૧૫ ના રોજ લેવાયેલ પ્રાથમિક કસોટીમાં કામચલાઉ ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો પૈકી આ સાથેના પરિશિષ્ઠમાં દર્શાવેલ બેઠક નંબર ધરાવતાં ઉમેદવારોને તેઓના બેઠક ક્રમાંકની સામે દર્શાવેલ કારણો અને નીચેના ફકરા-A,B,C અને D માં દર્શાવેલ વિગતોને ધ્યાને લઇ તેઓની ઉમેદવારી રદ્દ કરવામાં આવે છે:

**[A] જા.ક્ર.૫૧/૨૦૧૪-૧૫ તા.૧૨/03/૨૦૧૫ ની જોગવાઇ મુજબ ઉમેદવારોને આપવામાં આવેલ સૂચનાઓ:-**

**(૧)** આ જાહેરાતમાં ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ કેટલા વર્ષ સુધીની વય અને કઇ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ તે જણાવવામાં આવેલ હતું.

**(૨)** વધુમાં જે ઉમેદવાર અનામત કક્ષામાં આવતાં હોય તેવા ઉમેદવારોએ પોતાના જાતિ પ્રમાણપત્ર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ, ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.0૬/0૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ઠ-"ક", મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે તેમ જણાવેલ હતું.

**(૩)** આ જાહેરાતમાં એમ પણ જણાવેલ હતું કે, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તા.૩૧/03/૨૦૧૪ ના રોજ પુરા થયેલ ૨૦૧૩-૧૪ ના નાણાંકીય વર્ષની આવકને ધ્યાને લઇને તા.0૧/0૪/૨૦૧૪ થી તા.૩૧/03/૨૦૧૫ દરમ્યાન યોગ્ય સત્તાધિકારીએ આપેલ પરિશિષ્ઠ-"ક" રજૂ કરવાનું રહેશે અને આ પરિશિષ્ઠ-"ક" નો નંબર અને તારીખ ઓનલાઇન અરજીમાં દર્શાવવાનો રહેશે. પરિશિષ્ઠ-"ક" ના સ્થાને "એનેક્ષ્ચર-એ" પ્રમાણપત્ર માન્ય ગણાશે નહી તેમ પણ સ્પષ્ટપણે જણાવવામાં આવેલ હતું. પરિશિષ્ઠ-"ક" ને બદલે "એનેક્ષ્ચર-એ" (અંગ્રેજીમાં) રજૂ કરેલ હશે તો આવા ઉમેદવારની અરજી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જગ્યા માટે માન્ય ગણવામાં આવશે નહી તેમજ બિન અનામત જગ્યા માટે પણ માન્ય ગણવામાં આવશે નહીં, એમ પણ સ્પષ્ટપણે જણાવવામાં આવેલ હતું.

**(૪)** જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે- **૧. નાયબ સેક્શન અધિકારી સંવર્ગમાં** (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની ખામીવાળા ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની ખામી ધરાવતા વિકલાંગ ઉમેદવારો માટે ૦૫ (૨) શ્રવણની ખામીવાળા ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની ખામી ધરાવતા વિકલાંગ ઉમેદવારો માટે ૦૫ તથા (૩) હલનચનની વિકલાંગતા અથવા મગજના લકવાની ખામીવાળા વિકલાંગ ઉમેદવારો માટે કુલ ૦૫ જગ્યા અનામત છે. નાયબ સેક્શન અધિકારી સંવર્ગ અંતર્ગત શારીરિક રીતે વિકલાંગ ઉમેદવાર માટેની અનામત જગ્યા પૈકી (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની ખામીવાળા ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની ખામી ધરાવતા હશે તેવા વિકલાંગ ઉમેદવારોને તથા (૨) શ્રવણની ખામીવાળા ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની ખામી ધરાવતા હશે તેવા વિકલાંગ ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર થશે તથા હલનચલનની વિકલાંગતા અંતર્ગત OA (One arm ), OL (One leg), OAL (One arm and one leg), BL (Both legs), BLOA (Both legs one arm) કેટેગરીનાં અશક્ત (Disabled) ઉમેદવારો વિચારણામાં લેવામાં આવશે. તથા **૨. નાયબ મામલતદાર સંવર્ગમાં** (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની ખામીવાળા મોડરેટ કક્ષામાં એટલેકે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતા વિકલાંગ ઉમેદવારો માટે ૦૪ (૨) શ્રવણની ખામીવાળા મોડરેટ કક્ષામાં એટલેકે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી ખામી ધરાવતા વિકલાંગ ઉમેદવારો માટે ૦૪ તથા (૩) હલનચનની વિકલાંગતા અથવા મગજના લકવાની ખામીવાળા વિકલાંગ ઉમેદવારો માટે ૦૪ જગ્યા અનામત છે. નાયબ મામલતદાર સંવર્ગ અંતર્ગત શારીરિક રીતે વિકલાંગ ઉમેદવાર માટેની અનામત જગ્યા પૈકી (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની ખામીવાળા મોડરેટ કક્ષામાં એટલેકે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતા તથા (૨) શ્રવણની ખામીવાળા મોડરેટ કક્ષામાં એટલેકે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતા હશે તેવા વિકલાંગ ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર થશે. તથા હલનચલનની વિકલાંગતા અંતર્ગત OA (One arm affected), OL (One leg), OAL (One arm and one leg), BL (Both legs) અશક્ત (Disabled) ઉમેદવારોને વિચારણામાં લેવામાં આવશે.

નાયબ સેક્શન અધિકારી તથા નાયબ મામલતદારની જગ્યાઓ પર નિર્દિષ્ટ ટકાવારી મુજબની અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની વિકલાંગતા ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થશે નહિ અથવા તો ઓછા ઉપલબ્ધ થશે, તો તેટલી ખૂટતી જગ્યાઓ અનુક્રમે શ્રવણની ખામીવાળા વિકલાંગ ઉમેદવારોથી અને જો શ્રવણની ખામીવાળા વિકલાંગ ઉમેદવારો પણ ઉપલબ્ધ ન થાય, તો હલનચલનની વિકલાંગતા અથવા મગજના લકવાની ખામીવાળા વિકલાંગ ઉમેદવારોથી તેમની યોગ્યતાને આધિન ભરવામાં આવશે. પ્રસ્તુત બંને જગ્યાઓ માટે ઉપરોક્ત અશક્તતા ધરાવતા હોય તેવા જ ઉમેદવારો અરજી કરવા પાત્ર છે. શારીરિક અશક્ત ઉમેદવારોને સા.વ.વિ.ના તા.૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્ર: પરચ / ૧૦૨૦૦૮ / ૪૬૯૫૪૦ / ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

**(૫)** ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું ઉમેદવારી પત્રક કોઇ પણ તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ્દ ગણાશે તેમ પણ જાહેરાતમાં જણાવેલ હતું.

**(૬)** પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ અને મુખ્ય પરીક્ષા માટે કામચલાઉ પાત્ર થયેલ ઉમેદવારોનું પરિણામ આયોગ દ્વારા તા.૦૭/૦૪/૨૦૧૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ. આ પરિણામમાં સફળ તમામ ઉમેદવારો પાસેથી તેઓ સદરહુ જગ્યાના ભરતી નિયમો, ભરતી (પરીક્ષા) નિયમો અને જાહેરાતની જોગવાઇ સંતોષતા હોવાની શરતે મુખ્ય લેખિત પરીક્ષાના અરજીપત્રકોની ચકાસણી કરવા સારૂ અરજીપત્રકો જરૂરી પ્રમાણપત્રો સહિત મંગાવવામાં આવેલ.

**[B] મુખ્ય લેખિત પરીક્ષાના અરજીપત્રક ડાઉનલોડ કરતી વખતે ઉમેદવારોને આપવામાં આવેલ સૂચનાઓ:-**

ઉપર્યુક્ત વિગતે આયોગની કચેરી દ્વારા તા.૨૭/૦૪/૨૦૧૬ ના રોજ અગત્યની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જેમાં દર્શાવવામાં આવેલ હતું કે, અરજીપત્રક સાથે જોડવાના પ્રમાણપત્રોના નમૂના જેવા કે, (i) સા.વ.વિ. ના તા.૨૫/૦૨/૧૯૭૯, તા.૦૧/૦૮/૧૯૯૦ તથા તા.૧૮/૦૪/૨૦૦૧ ના ઠરાવમાં ઉલ્લેખિત રમતો અન્વયે તા.૨૦/૦૨/૧૯૮૦ ના ઠરાવના જોડાણ-ખ માં જણાવેલ સત્તાધિકારીઓએ જોડાણ- ગ થી નિયત થયેલ નમૂનામાં આપેલ રમતગમત (ખેલકૂદ) અંગેનું પ્રમાણપત્ર, (ii) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા: ૬-૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-"ક" (ગુજરાતીમાં) (iii) સા.વ.વિ.ના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલ ફોટાવાળું સુપ્રિન્ટેન્ડન્ટ/ સિવિલ સર્જને આપેલ શારીરિક રીતે અશકતતા અંગેનું પ્રમાણપત્રનો નમૂનો આયોગની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે. સંબંધિત ઉમેદવારોએ વેબસાઇટ પર મૂકેલા નમૂના મુજબના પ્રમાણપત્રો મોકલવાના રહેશે, અન્ય નમૂનામાં મોકલેલ પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહી. આ પ્રકારની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવતી હોવા છતાં અનુભવે એમ જણાયેલ છે કે, કેટલાક ઉમેદવારો દ્વારા આ અંગે પૂરેપૂરી ચોક્સાઇ અને કાળજી રાખવામાં આવતી નથી અને તેથી તેમની અરજી રદ્દ કરવી પડે છે./તેમની ઉમેદવારી રદ્દ કરવી પડે છે. આ ક્ષતિનું પુનરાવર્તન ન થાય તેની પૂરેપૂરી કાળજી રાખવા મુખ્ય લેખિત પરીક્ષામાં ઉપસ્થિત થનાર તમામ ઉમેદવારોને આ અંગે માહિતગાર કરવામાં આવેલ હતા.

**[C] મુખ્ય લેખિત પરીક્ષાના પ્રવેશપત્રમાં ઉમેદવારોને આપવામાં આવેલ સૂચનાઓ:-**

મુખ્ય લેખિત પરીક્ષાના પ્રવેશપત્રમાં ઉમેદવારોને નીચે પ્રમાણે જણાવવામાં આવેલ હતું:

"આયોગ દ્વારા ઉકત લેખિત મુખ્ય પરીક્ષામાં આપને અરજીપત્રક સાથે બીડેલ પ્રમાણપત્રોની કોઈપણ ચકાસણી કર્યા સિવાય તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે પ્રવેશ આપવામાં આવેલ છે. અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ કોઈપણ તબક્કે આપ આ જગ્યાઓના ભરતી નિયમો, પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો, આપે લેખિત મુખ્ય પરીક્ષા આપેલ હશે તો પણ આપની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે અને આપે આપેલ લેખિત મુખ્ય પરીક્ષાની જવાબવહીઓની ચકાસણી કરવામાં આવશે નહીં. તેની ખાસ નોંધ લેવા વિનંતી છે."

**[D] જરૂરી ખૂટતા પ્રમાણપત્રો / ખૂટતી વિગતો રજૂ કરવા માટે ઉમેદવારોને આપવામાં આવેલ એક વધુ તક:-**

મુખ્ય લેખિત પરીક્ષાના અરજીપત્રકની ચકાસણી કરતાં એવું જણાયેલ કે, કેટલાક ઉમેદવારોએ વિગતવાર સૂચનાઓ આપ્યા બાદ પણ મુખ્ય લેખિત પરીક્ષાના અરજીપત્રક તથા તે સાથે માંગ્યા પ્રમાણેના પ્રમાણપત્રો – વિગતો મોકલેલ ન હતી. આવા ઉમેદવારોને માંગ્યા મુજબના પત્રકો-વિગતો રજૂ કરવાનો વધુ એક અવસર મળે તે હેતુથી

આયોગ દ્વારા SPEED POST થી ખૂટતા પ્રમાણપત્રો – વિગતો મોકલી આપવા વ્યક્તિગત પત્રો લખવામાં આવેલ હતા. જેમાં ,

(૧) S.S.C.E. બોર્ડનું (આંકડા/શબ્દોમાં દર્શાવેલ જન્મ તારીખવાળું) પ્રમાણપત્ર (જન્મ તારીખના હેતુ માટે)

(૨) સ્નાતકનું યુનિ.માંથી મેળવેલ ડિગ્રી પ્રમાણપત્ર

(૩) સ્નાતક - ડિગ્રીની માર્કશીટ

(૪) અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ/સા. અને શૈ. પ. વર્ગના ઉમેદવારો માટે તેમનું સંબંધિત જાતિ પ્રમાણપત્ર

(૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા: ૬-૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-“ક” (ગુજરાતીમાં) મુજબનું ‘ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા’ અંગેનું નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ની આવકના આધારે તારીખ: ૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન મેળવેલું પ્રમાણપત્ર

(૬) સા.વ.વિ.ના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલ ફોટાવાળું સુપ્રિન્ટેન્ડન્ટ/ સિવિલ સર્જને આપેલ શારીરિક રીતે અશકતતા અંગેનું પ્રમાણપત્ર

(૭) મહિલા ઉમેદવારના કિસ્સામાં લગ્ન બાદ નામમાં થયેલ ફેરફાર અંગે ગેઝેટની નકલ / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(૮) લશ્કરના સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ડિસ્ચાર્જ બુકની નકલ

(૯) વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો પુન:લગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ

(૧૦) સા.વ.વિ. ના તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવના જોડાણ-ખ માં જણાવેલ સત્તાધિકારીઓએ જોડાણ- ગ થી નિયત થયેલ નમૂનામાં આપેલ રમતગમત (ખેલકૂદ) અંગેનું પ્રમાણપત્ર

(૧૧) આપે ભરેલ ફી અંગે પોસ્ટ ઓફીસમાંથી મેળવેલ પ્રિન્ટ ચલણ (અસલ) નો સમાવેશ થતો હતો.

આમ છતાં કેટલાક ઉમેદવારોએ આયોગ દ્વારા મંગાવવામાં આવેલ સદરહુ પ્રમાણપત્રો / ખૂટતી વિગતો મોકલી આપેલ નથી અને ભળતા જ પ્રમાણપત્રો મોકલી આપેલ છે. આયોગની કચેરી દ્વારા **સદરહુ પત્રમાં ઉમેદવારને સ્પષ્ટપણે એમ જણાવવામાં આવેલ હતું કે, આપેલ સમયગાળામાં ખૂટતા પ્રમાણપત્રો આયોગની કચેરીને રજુ કરવામાં આવશે નહીં તો, ઉમેદવાર આ જગ્યાની નિમણૂંક મેળવવાને ઉત્સુક નથી તેમ માનીને તેમની ઉમેદવારી આ પરીક્ષામાંથી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવા સંબંધિત ઉમેદવારોને જણાવવામાં આવેલ હતું.**

આમ, ઉપર દર્શાવ્યા મુજબ કુલ ૪ પ્રસંગોએ ઉમેદવારોને વિગતવાર સ્પષ્ટ અને વારંવાર સૂચનાઓ આપવા છતાં અને વ્યક્તિગત પત્ર પાઠવીને પણ આ અંગેની વિગતો ઉમેદવારોને ઉપલબ્ધ કરવાનું જણાવવા છતાં ખૂટતા જરૂરી પ્રમાણપત્રો – વિગતો ઉમેદવારો તરફથી ઉપલબ્ધ કરવામાં આવી નથી / ભળતા પ્રમાણપત્ર મોકલાવેલ છે. આ સંજોગોમાં આવા ખૂટતા જરૂરી પ્રમાણપત્રો – વિગતોની પરિસ્થિતિમાં આવા ઉમેદવારોની અરજી સ્વીકારી શકાય તેમ નથી. વારંવાર સૂચનાઓ આપવા છતાંય આ ઉમેદવારો દ્વારા તેનું પાલન ન કરવામાં આવે અને અધૂરી અરજી કરવામાં આવે તો તેવી અરજીઓનો સ્વીકાર કરી શકાય નહી. નોકરી મેળવવા ઇચ્છતા ઉમેદવારો તરફથી આ મૂળભૂત વિગતો – પ્રમાણપત્રો ઉપલબ્ધ કરવામાં આવે તેવી આયોગ અપેક્ષા રાખે છે અને જો આ વિગતો – પ્રમાણપત્રો આવા

ઉમેદવારો દ્વારા ઉપલબ્ધ કરાવવામાં ના આવે તો નોકરી મેળવવામાં તેમને રસ નથી તેમ આયોગ માને છે. વધુમાં, આયોગ કોઇ પણ જાતની સમય મર્યાદા વગર આવી માહિતી ઉમેદવારો પાસેથી મંગાવ્યા જ કરે તો આ અંગેની સીધી ભરતીની પ્રક્રિયાનો અંત ન આવે. વધુમાં, ગુજરાત સરકારના સચિવાલયના વિભાગો , ગુજરાત જાહેર સેવા આયોગની કચેરી, ગુજરાત વિધાનસભા સચિવાલય અને મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીઓમાં નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની જગ્યાઓ ઘણા સમયથી ખાલી હોવાથી આ જગ્યાઓ વિના વિલંબે ભરી શકાય તે માટે આ અંગેનું પરિણામ આયોગ દ્વારા સત્વરે પ્રસિદ્ધ થાય અને જરૂરી ભલામણ ત્વરિત થાય તે બાબતને પણ જાહેર હિતમાં ધ્યાનમાં લેવાની રહે છે. કેટલાક ઉમેદવારો ભરતી નિયમો, ભરતી (પરીક્ષા) નિયમો, જાહેરાતની જોગવાઇઓ જ સંતોષતા નથી. આમ, આ સઘળા પરિબળો-કારણો વિગતોને જોતાં આ સાથેના પત્રકમાં દર્શાવેલ બેઠક નંબર ધરાવતા ઉમેદવારોને તેની સામે દર્શાવેલ વિગતો-કારણોના સંદર્ભમાં તેમની ઉમેદવારી રદ્દ કરવાનો આયોગે નિર્ણય કરેલ છે.

-sd/-

(એન. એમ. ધ્રુવ)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

## :પત્રક:

**આયોગની ફાઇલ ક્રમાંક: સીસીઇ-૨૦૧૫-૧૧૭૮-૨૮-ઇએક્સ તા. ના રોજ પ્રસિદ્ધ કરેલ યાદી સાથેનું બિડાણ**

| SR NO. | ROLL NO. | REMARKS |
|---|---|---|
| 1 | 101000258 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 2 | 101001799 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 3 | 101003564 | અરજીપત્રક મળેલ નથી |
| 4 | 101004385 | અરજીપત્રક મળેલ નથી |
| 5 | 101004506 | અરજીપત્રક મળેલ નથી |
| 6 | 101011889 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 7 | 101019630 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 8 | 101026788 | અરજીપત્રક મળેલ નથી |
| 9 | 101027419 | અરજીપત્રક મળેલ નથી |
| 10 | 101028434 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 11 | 101033341 | અરજીપત્રક મળેલ નથી |
| 12 | 101039227 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 13 | 101040646 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 14 | 101041935 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 15 | 101044481 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 16 | 101045823 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 17 | 101048807 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 18 | 101049597 | અરજીપત્રક મળેલ નથી |
| 19 | 103069183 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 20 | 103071974 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 21 | 103072729 | અરજીપત્રક મળેલ નથી |
| 22 | 105079689 | નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર, ડિગ્રી માર્કશીટ,ડિગ્રી પ્રમાણપત્ર અને એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 23 | 105080405 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 24 | 105082752 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 25 | 105090357 | અરજીપત્રક મળેલ નથી |

| SR NO. | ROLL NO. | REMARKS |
|---|---|---|
| 26 | 105092856 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 27 | 106095675 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 28 | 106106246 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 29 | 106106301 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 30 | 106108516 | અરજીપત્રક મળેલ નથી |
| 31 | 108121645 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 32 | 108122291 | અરજીપત્રક મળેલ નથી |
| 33 | 108124253 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 34 | 108126652 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 35 | 108127371 | અરજીપત્રક મળેલ નથી |
| 36 | 108133670 | ડિગ્રી માર્કશીટ અને ડિગ્રી પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 37 | 108136642 | ડિગ્રી માર્કશીટ અને ડિગ્રી પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 38 | 108139158 | અરજીપત્રક મળેલ નથી |
| 39 | 109146663 | અરજીપત્રક મળેલ નથી |
| 40 | 110158974 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 41 | 110160828 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 42 | 111170104 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 43 | 111171536 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 44 | 112176018 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 45 | 112177057 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 46 | 113179952 | અરજીપત્રક મળેલ નથી |
| 47 | 113181822 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 48 | 113185074 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 49 | 113187336 | અરજીપત્રક મળેલ નથી |
| 50 | 113188661 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 51 | 113194223 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 52 | 113194743 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |

| SR NO. | ROLL NO. | REMARKS |
|---|---|---|
| 53 | 116212161 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 54 | 116216151 | નોન- ક્રિમિલેયર પ્રમાણપત્ર અને એસ. એસ. સી. ઇ. નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 55 | 116217423 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 56 | 117240473 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 57 | 118246606 | અરજીપત્રક મળેલ નથી |
| 58 | 118246703 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 59 | 118249489 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 60 | 118249491 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 61 | 118252008 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 62 | 118252226 | અરજીપત્રક મળેલ નથી |
| 63 | 118256714 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 64 | 118260693 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 65 | 119265384 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 66 | 119270459 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 67 | 119271710 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 68 | 119272449 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 69 | 120278294 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 70 | 120285082 | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી |
| 71 | 121292413 | નોન - ક્રિમિલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 72 | 121295196 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 73 | 121296325 | અરજીપત્રક મળેલ નથી |
| 74 | 121299894 | અરજીપત્રક મળેલ નથી |
| 75 | 123314461 | એસ.એસ.સી.ઇ.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી |
| 76 | 124316830 | અરજીપત્રક મળેલ નથી |
| 77 | 125320264 | અરજીપત્રક મળેલ નથી |